**એમ.એ.સી.પી.નં. : 513/2024**

**<u>–::– આંક–1 નીચે હુકમ ::–</u>**

અરજદાર /અરજદારના વિ.વકીલ શ્રી તથા સામાવાળા/સામાવાળાના વિ.વકીલશ્રીએ હાજર થઈ આજરોજ લોકઅદાલતમાં આંક **06** થી સમાધાન રજૂ કરતાં તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજૂર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરુપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**(1).** હાલના કલેઈમ સંબંધે સામાવાળા નં.(2) **શ્રી રામ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.** વાળાએ અરજદારને અરજી સંબંધે કુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરના **₹.85,000/-(અંકે રૂપિયા પંચ્યાસી હજાર પુરા)** ચૂકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો કલેઈમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઈમની જવાબદારીમાંથી મુકત ગણવા કબુલ રાખેલ છે.

**(2).** જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે, તેમાં નિષ્ફળ ગયેથી સમાધાનની તારીખથી દર વર્ષે ૯ ટકાના દરથી સાદું વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

**(3).** વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.

મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.

ઉપરોકત વિગતે હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. 22/06/2024.
અમદાવાદ.

(ડી.એમ.વ્યાસ)
મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ મુખ્ય
નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય).